Enrollment No. ______________________ Exam. Seat No: ______________________

# C.U. SHAH UNIVERSITY

## Summer Examination-2022

**Subject Name: Pedagogy of Elements of Accountancy Group-A**

**Subject Code: 4ED02PAC2** **Branch: B.Ed.**

**Semester: 2** **Date: 08/07/2022** **Time: 11:00 To 02:00** **Marks: 70**

**Instructions:**
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**પ્રશ્નઃ ૧(અ) નીચે આપેલાપ્રશ્નોમાંથી કોઈપણ એકપ્રશ્નનો ઉત્તર આશરે ૫૦૦ શબ્દોમાં આપો. (૦૮)**

(૧) એકમપાઠની સંકલ્પના સમજાવી તેના સોપાનો વર્ણવો.

(૨)ધોરણ-૧૨, ના.મૂ. વિષયના વર્તમાન પાઠયપુસ્તક, ભાગ-૧ની સમીક્ષા કરો.

**પ્રશ્નઃ ૧(બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આશરે ૧૫૦ શબ્દોમાં આપો. (૦૬)**

(૧)આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો જણાવો.

(૨) મૂલ્યાંકનનો અર્થ અને હેતુઓ લખો.

(૩)ના.મૂ. વિષય શિક્ષકની લાક્ષણિકતાઓ વર્ણવો.

**પ્રશ્નઃ ૨(અ)નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનોઉત્તર આશરે ૫૦૦ શબ્દોમાં આપો. (૦૮)**

(૧)રોકડમેળનો અર્થ, પ્રકારો અને ઉપયોગિતા વિશે વિસ્તૃત માહિતી આપો.

(૨)વિરલના ૨૦૨૦ ના વર્ષ માટેના નીચેના કેટલાક વ્યવહારોની નોંધ ખાસ આમનોંધના ચોપડામાં નોંધો.

| | |
|---|---|
| ૨૦-૦૪-૨૦૨૦ | રૂ. ૨,૦૦૦ દિપેનને ચૂકવવાના હતા તે પ્રભાત પાસે કબૂલાવ્યા. |
| ૧૮-૦૫-૨૦૨૦ | રૂ. ૪,૦૦૦ નો માલ આપી ઘર માટે એક કબાટ ખરીદ્યું. |
| ૦૪-૦૬-૨૦૨૦ | રૂ. ૧,૦૦૦ અતુલ પાસેથી લેવાના હતા તેની કબુલાત મેહુલે લીધી. |
| ૧૩-૦૭-૨૦૨૦ | રૂ. ૧૦,૦૦૦ નું યંત્ર મેઘા મોલમાંથી ઉધાર ખરીદ્યું, યંત્ર મોકલવાનું ભાડું રૂ. ૧,૦૦૦ પણ તેણે બિલમાં ઉમેર્યું. |

૧૬-૧૦-૨૦૨૨ રૂ.૧,૦૦૦ માં જૂનું ફર્નિચર પરેશને વેચ્યું.
૨૪-૧૧-૨૦૨૨ સમીર નાદાર થતાં રૂ.૨,૦૦૦ તેની પાસેથી લેવાના હતા તે માંડીવાળ્યા.

**પ્રશ્નઃ ૨(બ)નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આશરે ૧૫૦ શબ્દોમાં આપો. (૦૬)**

(૧)ખતાના પ્રકારો સમજાવી ઉદાહરણ આપો.

(૨) આમનોંધનો અર્થ લખી તેનું મહત્વ વર્ણવો.

(૩)ના.મૂ. વિષયના પારિભાષિક શબ્દો પાઘડી, પેટન્ટ અને લેણદાર ઉદાહરણ સાથે સમજાવો.

**પ્રશ્નઃ ૩(અ)નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૫૦૦ શબ્દોમાં આપો. (૦૮)**

(૧)ઘસારાનો અર્થ અને લક્ષણો જણાવી તેની જરૂરિયાત શા માટે છે તે સમજાવો.

(૨)X, Y અને Z એક ભાગીદારી પેઢીના સરખા ભાગે નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે.પેઢીના ચોપડે રૂ.૩૦,૦૦૦ ની પાઘડી નોંધાયેલ છે.ભાગીદારો એ તેમનું નફા-નુકશાન વહેંણીનું પ્રમાણ બદલીને ૨:૨:૧ કરીને પુનઃમૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું.જો પુનઃમૂલ્યાંકન સમયે પાઘડીનું મૂલ્ય રૂ.૯૦,૦૦૦ હોય તો પાઘડી માં થયેલ ફેરફારની પેઢીના ચોપડે આમ નોંધ લખો.તેમજ જો પાઘડીનું મૂલ્ય રૂ.૧૫,૦૦૦ થાય તો તે અંગેની આમ નોંધ પણ લખો.

**પ્રશ્નઃ ૩(બ)નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આશરે ૧૫૦ શબ્દોમાં આપો. (૦૬)**

(૧) બિનવેપારી સંસ્થાના લક્ષણો વર્ણવો.

(૨) તેજ, સોનુ અને રીના એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકશાન વહેંણીનું પ્રમાણ ૨:૨:૧ છે. ભાગીદારોએ તેમનું નફા-નુકશાન વહેંણીનું પ્રમાણ બદલીને સરખા ભાગે કરવાનું નક્કી કર્યું. તો ભાગીદારોને મળેલ લાભ અને ત્યાગની ગણતરી દર્શાવો.

(૩)મેક્સન લિમિટેડે ૧-૪-૨૦૨૧ના રોજ રૂ. ૧,૨૦,૦૦૦ માં એક યંત્ર ખરીદ્યું. આ યંત્રને ગોઠવવાનો ખર્ચ રૂ. ૩૦,૦૦૦ થયો છે. જો દર વર્ષે ૧૨ % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણવાનો હોય તો પ્રથમ વર્ષની આમનોંધ લખીને યંત્ર ખાતું તૈયાર કરો.

**પ્રશ્નઃ ૪(અ)નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૫૦૦ શબ્દોમાં આપો. (૦૮)**

(૧) ડિબેન્ચરનો અર્થ લખી તેના પ્રકારો વિશે વિસ્તૃતચર્ચા કરો.

(૨)નકશ લિમિટેડે રૂ. ૧૦ નો એક એવા ૫૦,૦૦૦ ઈક્વીટી શેર બહાર પાડયા. અરજી વખતે રૂ. ૫, મંજૂરી વખતે રૂ. ૩ અને પ્રથમ હપ્તા વખતે રૂ. ૨ મંગાવવાનું નક્કી થયું. તમામ શેર માટે અરજી આવી હતી અને મંગાવ્યા મુજબ બધી જ રકમ સમયસર મળી ગઈ છે તો કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**પ્રશ્નઃ ૪(બ)નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આશરે ૧૫૦ શબ્દોમાં આપો. (૦૬)**

(૧)હિસાબી ગુણોત્તરોની ઉપયોગિતા જણાવો.

(૨)કે.કે.લિમિટેડે લખનના ૩૦૦ ઈક્વીટી શેર તેના છેલ્લા હપ્તાની રકમ રૂ.૩ નહિ ભરવાને કારણે જપ્ત કર્યા. શેર દીઠ રૂ.૧૦ મંગાવેલા તે પૈકી લખને અરજી વખતે રૂ.૩ અને મંજૂરી વખતે રૂ.૪ લેખે પુરેપુરી રકમ ભરેલી હતી. શેર જપ્તીની આમનોંધ લખો.

(૩)દિવ્ય અને દિવ્યા એક પેઢીના ૭:૩ ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમણે નફામાં ૩/૭ ભાગ આપવાની શરતે દિવ્યાંગને પેઢીમાં પ્રવેશ આપ્યો, જે પૈકી દિવ્યાંગ ૨/૭ ભાગ દિવ્ય પાસેથી અને ૧/૭ ભાગ દિવ્યા પાસેથી મેળવશે. તો નફા-નુકશાન વહેંચણીનું નવું પ્રમાણ શોધો.

**પ્રશ્નઃ ૫નીચે આપેલા તમામ પ્રશ્નોના ઉત્તર એક શબ્દ કે એક વાક્યમાં આપો. (૧૪)**

(૧)'વિહંગાવલોકન' એટલે શું ?

(૨)'અનાત્મલક્ષીતા' એટલે શું ?

(૩) ડિબેન્ચર એ ધંધા માટે શું છે ?

(૪)આખરનોંધમાં શું કાર્ય થાય છે ?

(૫) 'બહાર પાડેલી મૂડી' એટલે શું ?

(૬)'વ્યકિત ખાતા'નો નિયમ જણાવો.

(૭)કોઈપણ ચાર પેટાનોંધના નામ લખો.

(૮) રોકડખાતાની હંમેશા કેવી બાકી હોય છે ?

(૯) એકમ કસોટી ક્યા પ્રકારના પાઠ સમયે લેવાય છે ?

(૧૦)જમીન પર ક્યા દરથી ઘસારો ગણવામાં આવે છે ?

(૧૧) નફાકારકતાના ગુણોત્તરો પૈકી કોઈપણ બે નામ લખો.

(૧૨)બિનવેપારી સંસ્થાના હિસાબો કેટલી રીતે રાખી શકાય ?

(૧૩) 'નિદાન-ઉપચાર કાર્ય' ક્યા ક્ષેત્રમાંથી આવેલો વિચાર છે ?

(૧૪) ભાગીદારોના નફા-નુકશાન વહેંચણીના પ્રમાણમાં ફેરફાર માટેનું એક કારણ જણાવો.